# ધોરણ 9ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધીનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ


**સંશોધક:**
**જયંતાબા બી. જાડેજા**
**માર્ગદર્શક:**
**ડૉ. (પ્રો.) જીજ્ઞેશ બી. પટેલ**


**સંશોધનના મુખ્ય તારણો:**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ સાંવેગિક બુદ્ધિનો અભ્યાસ કરવાનો હતો. સાથે સાથે સાંવેગિક બુદ્ધિની વિવિધ ચલો પરની અસર તપસવાનો હતો. આ હેતુ સુધી પહોંચવા માટે માહિતી એકત્રીકરણ કરીને યોગ્ય ગણતરી કરીને પરિણામો મેળવવામાં આવ્યા હતા. આ પરિણામો ઉપર આપવામાં આવેલા છે. પરિણામોના આધારે કહી શકાય કે વિદ્યાર્થીઓ ની સાંવેગિક બુદ્ધિ એવરેજ હતી.

સાંવેગિક બુદ્ધિ અને જાતિને કોઈ સંબંધ ન હતો જે પઠાણ ( 2004), ઠક્કર (2008) અને મોહનસુંદર ( 2004) ના અભ્યાસને સમર્થન આપતા હતા. આમ છોકરા અને છોકરીઓના વિકાસ અને ઉછેરમાં સીધી રીતે જોતાં કોઈ ફેરફાર ન હોય શકે. સાંવેગિક બુદ્ધિ અને વિસ્તારને કોઈ સંબંધ ન હતો જે આગળના અભ્યાસોથી પઠાણ ( 2004 ), ઠક્કર ( 2008, શર્મા ( 2009), પટેલ ( 2005). પટેલ ( 2010) અને મોહનસુંદર (2004)અલગ તારણ હતું. આમ આજકાલ ટેકનોલોજી ના કારણે વિસ્તાર ભેદ ઓછો થયો હોવાનું કહી શકાય.

સાંવેગિક બુદ્ધિ પર શાળાના પ્રકારની નોંધપાત્ર અસર જોવા મળી હતી. ખાનગી શાળાના બાળકો વધારે સાંવેગિક બુદ્ધિ ધરાવતા હતા. ગુજરાતમાં સરકારી શાળામાં મોટાભાગે ભણતાબાળકો વધારે સાંવેગિક બુદ્ધિ ધરાવતા હતા. ગુજરાતમાં સરકારી શાળામાં મોટાભાગે ભણતા બાળકોના પરિવાર સામાન્ય વર્ગના હોય છે જે બાળઉછેરમાં વધારે ધ્યાન આપી શકતા નથી, આ કારણે આવું પરિણામ મળ્યું હોય શકે.

શાળાના પ્રકાર અને જાતિની સંયુક્ત અસર જોવા મળી હતી. સરકારી શાળાના છોકરાઓ છોકરીઓ કરતાં વધુ બુદ્ધિશાળી હતા. આ પરથી કહી શકાય કે સામાન્ય વર્ગના કુટુંબોમાં છોકરાના ઉછેર પર વધારે ધ્યાન આપતું હશે અથવા તો તેઓનો સાંવેગિક વિકાસ વધારે છે તે પાછળ કોઈ અન્ય કારણો હોય શકે.

શાળાનાં પ્રકાર અને વિસ્તારની સંયુક્ત અસર જોવા મળી હતી. સરકારી શહેરી અને ગ્રામ્ય શાળાનાં વિદ્યાર્થીઓમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થિની સાંવેગિક બુદ્ધિ વધારે હતી. શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ વધારે હોવાનું ઠક્કર ( 2008), શર્મા ( 2009), પટેલ ( 2005), પટેલ ( 2010) અને શાહ ( 2006)નું પણ તારણ હતું. આમ શહેરી વાતાવરણ સાંવેગિક બુદ્ધિને પોષક હશે.

આમ, ઉપર્યુક્ત તારણો અનુસાર ગ્રામ્ય વિસ્તાર અને સરકારીમાં અભ્યાસ કરતાં બાળકો સાંવેગિક બુદ્ધિના વિકાસ માટે કાર્યક્રમો થવા જોઈએ.